પ્રેમ જ એકબીજાને
સુંવાળી-સોનેરી
સાંકળથી બાંધે છે
- ગેટે

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૨૨ | ૨ એપ્રિલ ૨૦૧૨, સોમવાર, ચૈત્ર સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


# ગાંધીનગરમાં મેડીકલ કોલેજ માટે વધુ એક અંતરાય

## મેડીકલ કાઉન્સીલનું ઈન્સ્પેક્શન ન આવતાં કોલેજ આગામી વર્ષે પણ શરૂ થશે કે કેમ ? તેને લઈ શૈક્ષણિક જગતમાં તર્ક વિતર્ક : સરકારે આગામી વર્ષે પણ રૂ. ૧૦૦ કરોડની રકમ ફાળવી છે : વિવાદોમાં અટવાયેલી કોલેજની માન્યતા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં મેડીકલ કોલેજ શરૂ કરવાના મુદ્દે હજુ સુધી મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ટીમ દ્વારા ઈન્સ્પેક્શન ન થતાં આગામી વર્ષે પણ આ મેડીકલ કોલેજના આરંભ થવાના મુદ્દે પ્રશ્નાર્થો ઉભા થવા પામ્યા છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ માટે સરકારે એક અલગ સોસાયટીની રચના કરી અને આ અંગેની કાર્યવાહી હાથ ધરી હતી. ગત વર્ષે મેડીકલ કોલેજ માટે આવેલ ઈન્સ્પેક્શનની ટીમે બિલ્ડીંગમાં અપૂરતી સુવિધા અને અપૂરતા સ્ટાફ સહિતના વિવિધ કારણોને લઈ માંગણીને ફગાવી દીધી હતી.

આ પછી મેડીકલ કોલેજના તત્કાલીન ડીનને કારણદર્શક નોટીસ પણ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ પાઠવી હતી. જેને લઈ વિવાદ ઉભો થવા પામ્યો હતો. આ વિવાદને થાળે પાડવા રાજ્ય સરકારે નવા ડીનની નિયુક્તી પણ કરી હતી.

ત્યારબાદ પુનઃ નવી અરજી કરી અને મેડીકલ કોલેજની માન્યતાના પ્રયત્નો શરૂ કરાયા હતા. પરંતુ સરકારે મુકેલા ડીને રાજીનામુ આપ્યું હતું. આ પછી થોડોક સમય ઈન્ચાર્જ ડીનથી કોલેજની કામગીરી આગળ ધપાવવામાં આવી હતી. હવે નિયમિત ડીનની નિમણુંક કરી દેવામાં આવી છે. પણ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ટીમ ઈન્સ્પેક્શન માટે હજુ સુધી આવી નથી.

પ્રથમ માર્ચના પ્રથમ સપ્તાહમાં ટીમ આવી રહ્યાના સંકેતો મળતાં તંત્રએ તેની કામગીરી એકદમ વેગીલી બનાવી અને ફટાફટ

● અનુસંધાન પાન-૭ પર



બાવન ગજની ધજા - શ્રદ્ધા એક અવિરત પ્રવાહ છે. વ્યક્તિગત જીવનથી લઈ સામુહિક જીવનમાં શ્રદ્ધા છલોછલ હોય છે. આત્મશ્રદ્ધાથી ઈશ્વર પરની શ્રદ્ધા એ જીવનને ગતિ આપે છે. પરમતત્વ પરની શ્રદ્ધા એક ઉમદા ઉદાહરણ તસવીરમાં અભિવ્યક્ત થાય છે. સેક્ટર-૭ના ત્રણ યુવાનો હનુમાન જયંતિના દિવસે રાજસ્થાનના ડુંગરપુર જીલ્લા દોવડા ગામે હનુમાન મંદિરે બાવન ગજની ધજા ચડાવવા સાયકલ પર નિકળ્યા છે. રવિવારની સાંજે પાંચ દિવસની આ ભક્તિયાત્રાનું પ્રસ્થાન કર્યું હતું. (તસવીર : દિપક જાની)

# મનપાની સ્ટેન્ડીંગ કમિટીમાંથી આજે છ સભ્યો નિવૃત્ત થશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીના છ સભ્યો આજે ચિઠ્ઠી ઉપાડી નિવૃત્ત થશે.

મહાનગરપાલિકાની રચનાને એક વર્ષનો સમય થતાં જી.પી.એમ.સી. એક્ટની જોગવાઈઓને આધિન છ સભ્યો આ મહત્વની સ્ટેન્ડીંગ કમિટીમાંથી નિવૃત્ત થતા હોય છે. પ્રથમ વર્ષ હોવાથી ચિઠ્ઠી ઉપાડી સભ્યોના ભાવિ નક્કી થશે.

સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલની અધ્યક્ષતામાં મળનારી આ બેઠક બપોરે બે વાગે શરૂ થશે. આ સમિતિની બેઠકમાં પહેલા વહીવટીય કામગીરી સંપન્ન કરાયા બાદ છેલ્લે સભ્યોના ભાવિ અંગેનો નિર્ણય થશે.

ગાંધીનગર મહાનગરપાલિકામાં કોંગ્રેસ પક્ષે ૩ સભ્યોની બહુમતિથી સત્તાના સૂત્રો સંભાળ્યા છે. હાલ કોર્પોરેશન પાસે અન્ય કોઈ સત્તાઓ ન હોવાથી અન્ય સમિતિઓની રચના કરવામાં આવી નથી. એક માત્ર સ્ટેન્ડીંગ કમિટીની રચના કરવામાં આવી છે. તેમાંથી છ સભ્યોને કાયદાની જોગવાઈઓને આધિન નિવૃત્ત કરવામાં આવશે.

આ નિવૃત્ત થયેલા સભ્યોની નવેસરથી નિમણુંક અંગેની કાર્યવાહી આ માસના મધ્યમાં મળનારી સામાન્ય સભામાં કરવામાં આવશે.

આજે મળનારી સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં જન્મ-મરણની નોંધણી ઓનલાઈન કરવા માટે, નવુ સોફ્ટવેર ખરીદવા બાબતે, ફાયર બ્રિગેડની ક્રેઈન રિપેરીંગનો મુદ્દો તેમજ જામનગર ખાતે યોજાનાર મેયરકપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા સહિતના મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા કરી અને નિર્ણય લેવામાં આવશે.

મળતી વિગતો મુજબ સ્ટેન્ડીંગ કમિટીની આજની બેઠકમાં સરકારે પ્રોપર્ટી ટેક્ષ વસુલવા અંગે આપેલી સંમતિના મુદ્દે પણ ઔપચારિક ચર્ચાઓ થાય તેવી શક્યતાઓ છે. આ ઉપરાંત સફાઈના મુદ્દે ખાસ કરીને પાંદડાઓથી થતા કચરાને બાળી થતા પ્રદૂષણને લઈ પણ આ બેઠકમાં ચર્ચા થાય તેવી શક્યતાઓ નિવારી શકાતી નથી. આ જ બેઠકમાં કોર્પોરેશન પક્ષ દ્વારા સરકારના પક્ષપાતી વલણને લઈ રાજ્યની વડી અદાલતમાં કરાયેલી રીટ બાબતે પણ સભ્યોને જાણકારી આપવામાં આવશે તેમ જાણવા મળલે છે.

# સિંચાઈની નહિવત સુવિધાના પગલે ઉનાળુ વાવેતર ઘટવાના નિર્દેશો

## ઉનાળુ બાજરી, મગફળી ઉપરાંત શાકભાજીના પાકોનું શરૂ થયેલું વાવેતર, જુવારના ઘાસચારાનું વાવેતર શરૂ થવાના અંદાજો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લામાં સિંચાઈની નહીવત સુવિધાઓને પગલે આ વર્ષે ઉનાળુ વાવેતરના વિસ્તારમાં ઘટાડો થવાના સંકેતો મળી રહ્યા છે. જો કે જિલ્લાનું ખેતીવાડી તંત્ર ૬૦ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર લક્ષ્યાંક મુજબ થશે તેવો વિશ્વાસ ધરાવે છે.

જિલ્લામાં ઉનાળુ વાવેતર અત્યાર સુધીમાં ૩૪ હજાર હેક્ટર વિસ્તારમાં થઈ ગયાનું જાણવા મળેલ છે. જેમાં સૌથી વધુ વાવેતર ઉનાળુ બાજરી અને જુવાના ઘાસચારાનું થયાનું જાણવા મળેલ છે. જોકે શાકભાજીના વાવેતરમાં પણ આ વખતે ખેડૂતોએ વધુ રસ દાખવ્યો છે અને અંદાજે ચાર હજાર હેક્ટર જેટલું વાવેતર શાકભાજીના પાકોનું થયાનું જાણવા મળેલ છે.

ઉનાળુ મગફળીનું વાવેતર આ વખતે દહેગામ અને ગાંધીનગર તાલુકાના કેટલાક ગામોમાં થયાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લો પાણીના અતિદોહન કેટેગરીમાં હતો પરંતુ રાજ્ય સરકારે તાજેતરમાં ખેતીક્ષેત્રે આ અંગે લાદવામાં આવેલા વીજ જોડાણોનો પ્રતિબંધ ઉઠાવી લીધો છે

● અનુસંધાન પાન-૭ પર





